ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



કમળના પુષ્પો - વર્ષાઋતુમાં પવિત્ર શ્રાવણ માસે ભોળાનાથને રીઝવવા કમળના પુષ્પોથી પૂજા કરવાનો અનોખો મહિમા છે... કમળના પુષ્પો સુંદર લાગે છે અને ગુણકારી પણ છે... ભગવાનને અર્પણ કરતાં સુખ અને સ્મૃદ્ધિ માટેની પ્રાર્થના ભાવિકો કરે છે... સાબરકાંઠાના પ્રાંતિજ પાસે સાંપડ ગામે તળાવમાં કમળના પુષ્પો મોટી માત્રામાં ખીલે છે... અને ભાવિકો કષ્ટ વેઠીને પણ તળાવમાં ચાલીને કમળના પુષ્પો પ્રાપ્ત કરે છે... (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# આજે રક્ષાબંધન ભાઈ-બહેનના હેતનું પર્વ : પરિવારોમાં ઉત્સાહ

## બ્રાહ્મણો જનોઈ બદલશે : સે-૧૬ બ્રહ્મભવન ખાતે સવારે ૮ કલાકે સમૂહ જનોઈ બદલવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૯

ભાઈ-બહેનના હેતનું પર્વ સમગ્ર વિશ્વમાં ભારતનું યુનિક પર્વ ગણાય છે. ભારત સિવાય અન્ય કોઈ દેશમાં ભાઈ-બહેનના આ પર્વની વિશેષ ઉજવણી થતી નથી. રક્ષાબંધનના પર્વને લઈ નગરજનોમાં અનોખી ઉત્સુકતા જોવા મળે છે. આ દિવસે બહેન ભાઈને રાખી બાંધી તેની રક્ષા અને દીર્ઘાયુ માટે શ્રધ્ધા ભકિતથી પર્વની ઉજવણી કરે છે. રક્ષાબંધનના પર્વની પારિવારિક ઉજવણી થતી હોવાથી આ પર્વ અન્ય તહેવારો કરતા કાંઈક વિશેષ બની રહે છે. આ દિવસે બ્રાહ્મણો જનોઈ પણ બદલે છે. ભારતીય સંસ્કૃતિના આવા પર્વને વધાવવા નગરજનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

રક્ષાબંધનના પર્વને લઈ નગરજનો ઉત્સુક બન્યા છે. શ્રાવણ મહિનામાં શિવ ભકિતની સાથે ભાઈ બહેનના આ પર્વનું પણ વિશેષ મહત્વ હોય છે. રવિવારે રક્ષાબંધન હોવાથી

● અનુસંધાન પાન-૭ પર

# રક્ષાબંધન ભાઈ-બહેનના સ્નેહનું પર્વ છે મુહુર્તનું નહિ : વિજ્ઞાન જાથા

ગાંધીનગર, તા. ૯

રક્ષાબંધને ભદ્રા-વિષ્ટ યોગ હોવાથી સવારે રાખડી બાંધવાનું યોગ્ય મુહૂર્ત નથી તેવા જ્યોતિષી વિધાનોની હોળી કરવા ભારત જન વિજ્ઞાન જાથા મેદાનમાં આવ્યું છે. આ અન્વયે રક્ષાબંધનના દિવસે સવારે રાજકોટમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજીને મુહૂર્તની વાતનું ખંડન કરવામાં આવશે. જ્યોતિષીઓના મુહૂર્તનો ગામગામ ઉલાળીયો કરી યોગની હોળી કરવામાં આવશે. ભારત જન વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાના જણાવ્યા મુજબ ગત વર્ષે પણ આવા યોગને દફનાવી બહેનોને સવારે જ રાખડી બાંધી હતી. આ વર્ષે ભદ્રા વિષ્ઠિને બાળીને ભસ્મ કરી લોકોના મનમાંથી કાયમી માનસિક ડર, ભય મુક્ત કરવા દેશવ્યાપી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટમાં આંબેડકરનગર શેરી નં. ૧ આસ્થા રેસીડેન્સી સામે ૧૮૦ રીંગરોડ ખાતે જ્યોતિષઓ ઘડીયાના આ નકારાત્મક ફળ કથનોને બાળીને ભસ્મ કરવામાં આવશે. આ આયોજનને સફળ બનાવવા વિજયાબેન ગોવિંદભાઈ ચંદ્રપાલ, ઉષાબેન ભટ્ટ અને ભાવનાબેન વાઘેલા સફળ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

## ખૂણે... ...ખાંચરેથી

- પવિત્ર-શ્રાવણ મહીના દરમિયાન નગરના જાણીતા એડવોકેટ શંકરસિંહ એસ. ગોહીલ, જતીન ખખ્ખર, દેવેન્દ્ર સુખડીયા તેમજ નરેન્દ્રસિંહ રાઠોડે કૈલાસની યાત્રા કરી હતી. ૧૮,૫૦૦ ફૂટની ઉંચાઈએ જઈ દર્શનનો લાભ લીધો હતો.
- આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ સાંસદની ઈન્દોર ખાતે યોજાયેલ બેઠકમાં હાજરી આપવા રાષ્ટ્રીય મહામંત્રી શ્રી અશ્વિન ત્રિવેદી ૧૧/૮ના રોજ ઈન્દોર જશે.
- જિલ્લાના અધિક નિવાસી કલેકટર ડૉ. એમ.બી. મોડિયા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીના પટેલ અને અન્ય અધિકારીઓએ આજે નારી સંરક્ષણ ગૃહ, માનસિક વિકલાંગ બાળકોની સ્કુલ સરગાસણ, અંધશાળા સે-૨૯ની મુલાકાત લીધી હતી.
- ગુજરાત કોંગ્રેસે ગુજરાત જનસંઘર્ષ સેના નામના નવા સંગઠ્ઠનની રચના કરી છે.
- ભાજપના રાષ્ટ્રીય પ્રમુખશ્રી અમીત શાહ રક્ષાબંધનનું પર્વ અમદાવાદ ખાતેના તેમના નિવાસસ્થાને ઉજવવાના છે.
- આજે રાજયના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીનો જન્મદિવસ હતો જે તેમણે અત્યંત સાદગીથી મનાવ્યો હતો.

# આજે મુખ્યમંત્રી અડાલજ પોલીસ સ્ટેશનની મુલાકાતે : પોલીસ જવાનોને રાખડી બાંધશે

## ડભોડા ભિક્ષુક ગૃહની મહિલાઓની મુલાકાત લઈ રક્ષાબંધનની અનોખી ઉજવણી કરશે : ૫૦૦થી વધુ બહેરા-મુંગા બાળકોને નિવાસસ્થાને આમંત્રિત કર્યા

ગાંધીનગર, તા.૯

રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતીકાલે રક્ષાબંધને અડાલજ પોલીસ સ્ટેશનની મુલાકાત લેશે. અડાલજ પોલીસ મથકમાં અધિકારી-કર્મચારીઓને રાખડી બાંધીને મુખ્યમંત્રી રક્ષાબંધનની અનોખી ઉજવણી કરશે તે ઉપરાંત ડભોડા ખાતે સ્થિત ભિક્ષુક ગૃહની મહિલાઓ સાથે પણ તહેવારની ઉજવણી કરવા આનંદીબેન પટેલ ડભોડા ખાતે જશે.

રક્ષાબંધનની ઉજવણી રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અનોખી રીતે કરશે. સુરક્ષાના પ્રતિક કહેવાતા પોલીસ ભાઈઓને મુખ્યમંત્રી રાખડી બાંધશે. જે અંતર્ગત અડાલજ પોલીસ સ્ટેશન ખાતે મુખ્યમંત્રી જશે અને પોલીસ જવાનો તથા અધિકારીઓને રાખડી બાંધશે. ત્યાર બાદ ડભોડાના ભિક્ષુક ગૃહ માં મુખ્યમંત્રી જશે અને ત્યાંની મહિલાઓ સાથે તહેવારની ઉજવણી કરશે તો બીજી તરફ બહેરા-મુંગા તથા ફીઝીકલી ચેલેન્જડ ૫૦૦ જેટલા બાળકોને મુખ્યમંત્રી નિવાસસ્થાને આમંત્રિત કરવામાં આવ્યા છે અને આનંદીબેન પટેલ તેમને રક્ષા કવચ બાંધી રક્ષાબંધનની અનોખી ઉજવણી કરશે.

# પોલીસતંત્રમાં ધરખમ ફેરફારોનો ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૯

રાજ્યના પોલીસતંત્રમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની બઢતી અને બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. અને ટુંક સમયમાં ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના પોલીસતંત્રમાં ખાલી પડેલી કેટલીક ઉચ્ચ પોલીસ અધિકારી સંવર્ગની જગ્યાઓ ભરવા માટે ઉચ્ચ અધિકારીઓની બદલી તેમજ બઢતી માટેની પ્રક્રિયા કેટલાક સમયથી વિલંબમાં પડી હતી.

આ પ્રક્રિયાઓ પુનઃ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને આગામી સપ્તાહમાં અથવા તો ૧૫મી ઓગસ્ટ બાદ પોલીસ તંત્રમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલી અને બઢતીઓનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ બે દિવસ દિલ્હીના પ્રવાસે ગયા છે અને સોમવારે તેઓ પ્રવાસેથી પરત ફર્યા બાદ બદલીઓનો દોર હાથ ધરાય તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

આ ઉપરાંત ૩૦ જેટલી ડી.વાય.એસ.પી.ની ખાલી જગ્યાઓ ભરવા માટે પણ પી.આઈ. સંવર્ગના અધિકારીઓને બઢતી આપવા માટે ટુંક સમયમાં ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની બેઠક મળનાર છે. અને તેમાં પસંદગી યાદી આખરી કરવામાં આવ્યા બાદ બઢતીઓનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ લોકસભા ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા પી.આઈ. અને પી.એસ. આઈ. કક્ષાના અધિકારીઓની બદલીઓ માટેનો પણ તખ્તો ગોઠવાઈ રહ્યો છે



રાજ્યપાલશ્રીને જન્મદિન મુબારક - ગુજરાતના નામદાર રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીના જન્મદિને અધિકારીઓ, રાજકીય આગેવાનો અને શુભેચ્છકોએ જન્મદિનની વધાઈ પાઠવી હતી. સાદગીથી જન્મદિન ઉજવતા રાજ્યપાલશ્રીએ સૌનો ઉષ્માભર્યો આભાર માન્યો હતો. (તસવીર : દિપક જાની)

## રાજ્યપાલ-મુખ્યમંત્રીની રક્ષાબંધનની શુભકામના

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમની અભિવ્યક્તિના ઉત્સવ રક્ષાબંધન પર્વની સૌ નાગરીકોને શુભેચ્છા પાઠવી છે. સુરતના તાંતણે ભાઈ-બહેનને રક્ષાકવચથી જોડનારુ આ પર્વ ઐક્ય અને સમરસતાને સુદ્રઢ કરવાનું પર્વ છે, તેમ મુખ્યમંત્રીએ શુભકામના સંદેશમાં જણાવ્યું હતું અને રાજ્યપાલશ્રીએ પણ સૌ ગુજરાતીઓને ભાઈ - બહેનના પવિત્ર સ્નેહના પર્વે શુભકામનાઓ પાઠવી હતી.

પાંચમી માસિક પુણ્યતિથિએ
શ્રાવણ સુદ પૂનમે
શ્રદ્ધાંજલિ
મૃત્યુ પછી કઈ વસ્તુ ક્યાં સુધી જીવીત રહી શકે છે?
હૃદય - ૧૦ મિનીટ
મગજ - ૨૦ મિનીટ
આંખો - ૪ કલાક
ચામડી - ૫ દિવસ
હાડકા - ૩૦ દિવસ
કર્મ-જન્મ જન્માંતર
અમને તમારા કર્મની નીરંતર યાદ સતાવે છે. તમારી હયાતીમાં હૂંફ હતી. હવે સ્મરણનો સથવારો છે. ન ભૂલીએ કદીયે અમો, એ જે પુણ્ય પ્રતાપ તમારો છે.
સ્વ. અ.સૌ. શ્રીમતી જશોદાબેન બી. સુથાર
દેહ વિલય : ફાગણ સુદ પૂનમ
॥ ૐ નમઃ શિવાયઃ ॥
ઈશ્વર આપના આત્માને ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના
લી.
બાબુલાલ જે. સુથાર
(શ્રાવણ સુદ પૂનમે ૬૨માં જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ)
નિકુંજ બી. ગજ્જર
(તા.૧૦/૮/૨૦૧૪એ ૩૪માં જન્મદિનની શુભકામનાઓ)
જીગર બી. ગજ્જર
અમી જે. ગજ્જર
અર્ચના એન. ગજ્જર
સુદિપકુમાર સી. ગજ્જર
બીજલ એસ. ગજ્જર
પાયલ, માનુષી, હિયા, જૈનીશ, જિયાંશ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફિસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

# સે. ૮માં બી.એસ.એન.એલ.ના ઈન્ટરનેટ જોડાણમાં ધાંધિયા

## કનેક્ટીવિટી ન મળતા ઉપયોગકર્તાઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા. ૮

શહેરમાં ચોમાસા દરમિયાન બી.એસ.એન.એલ.ની ફોનસેવા વિશેષરૂપે પ્રભાવિત થતા આમ નાગરિકોએ હાલાકી ભોગવવી પડે છે. વરસાદી સંજોગોમાં ફોનસેવા ઠપ્પ થઈ જતી હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. બીજીતરફ હાલ સેક્ટરોમાં ઈન્ટરનેટ સેવા પણ ખાડે ગઈ હોવાનું ધ્યાને આવ્યું છે. સે. ૮માં છેલ્લા કેટલાક સમયથી બી.એસ.એન.એલ.ની ઈન્ટરનેટ સેવા ખાડે ગઈ છે.

વરસાદી દિવસો દરમિયાન સામાન્ય રીતે આવશ્યક સેવાઓના કેબલ કનેક્શન અને લાઈન ડીસ્ટર્બ થતા આમ નાગરિકો મુશ્કેલી વેઠવી પડે છે. બી.એસ.એન.એલ. લેન્ડલાઈન ફોન સેવામાં પણ કેબલ ફોલ્ટની ફરિયાદો વધી જાય છે. જેના પરિણામે શહેરમાં ઘણાબધા ફોન ઠપ્પ થઈ જાય છે. બીજી તરફ બી.એસ.એન.એલ.ની ઈન્ટરનેટ સેવા પણ ખોટવાઈ ગઈ છે. નેટવર્કના અભાવે વાઈફાઈ હોવા છતાં સિગ્નલ મળતુ નથી. સે. ૮માં છેલ્લા કેટલાક સમયથી બી.એસ.એન.એલ.ના નેટવર્કના ધાંધિયાના લીધે નાગરિકો તોબા પોકારી ગયા છે. સેકટરમાં અધિકારીઓ અને ધારાસભ્યોના વસવાટ ઉપરાંત અન્ય મહત્વની ઓફિસો કાર્યરત છે. આવા સંજોગોમાં નેટવર્કના અભાવે નાગરિકો ઈન્ટરનેટની ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરી શકતા નથી. આ મામલે બી.એસ.એન.એલ. કક્ષાએ યોગ્ય ટેકનિકલ ક્ષતિઓ દૂર કરવામાં આવે તેવી પ્રબલ માંગ ઉઠવા પામી છે.

# અમિત શાહની ટીમમાં ગુજરાતના કોણ હશે તેની અટકળો શરૂ

## આનંદીબેન દ્વારા સૂચવાયેલા બે આગેવાનોનો સમાવેશ કરાશે : ચૂંટણીવાળા રાજ્યો પર ખાસ નજર કેન્દ્રિત હશે : ભાજપ સંગઠનનું માળખુ તૈયાર : મંગળવારે જાહેરાત

અમદાવાદ, તા.૯

ભારીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમિત શાહની આજે ભાજપની રાષ્ટ્રીય પરિષદમાં વિધિવત વરણી થયા બાદ હવે રાષ્ટ્રીય સંગઠનના નવા માળખાની સંભવતઃ મંગળવારે જાહેરાત થશે તેમ ભાજપના સૂત્રો જણાવી રહ્યા છે. અમિત શાહની આ નવી ટીમમાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા સૂચવવામાં આવેલા બે થી ત્રણ આગેવાનોને મહત્વના હોદ્દા અપાશે જ્યારે ખુદ અમિત શાહના ગુજરાતના ચુસ્ત ટેકેદારોને રાષ્ટ્રીય સંગઠનમાં સમાવવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં નથી તેમ ભાજપના દિલ્હીના વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

હવે કોકલિયર ઈમ્પ્લાન્ટેશન વગર માત્ર ૧ કલાકમાં બહેરાશ મટે છે.
Without Machine - Without Operation
કાનની બહેરાશ મટાડો Result Oriented Treatment
દરેક ઉંમરની વ્યક્તિઓ માટે બહેરાશથી પીડિત દર્દીઓ માટે ખુશ ખબર... બહેરાશ મટાડો.
If you feel a change in hearing in the first hour, pay the fees and get full treatment done.
Cure your Deafness
We also cure ears damaged in accidents/operations.
This treatment is proving to be a blessing for the deaf and dumb.
Deaf Cure Center
Patent Reg. 3506/MUM/2013
M.: 07819855590
7698111132/39 Ph.:079-26306371
Toll Free No.
1860-233-1060

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

વગર મશીને-વગર ઓપરેશને કાનની બહેરાશ મટાડો
Result Oriented Treatment
બહેરાશની તકલીફ ભોગવતા દર્દીઓ માટે ખુશ ખબર...નસો સુકાઈ જવાથી આવતી કાનની તમામ પ્રકારની બહેરાશ માઈક્રોફાઈન ટ્રીટમેન્ટ દ્વારા કોકલિયર ઈમ્પલાન્ટેશન વગર ડેફ ક્યોર સેન્ટરમાં મટાડવામાં આવે છે
પ્રથમ કલાકમાં સાંભળવામાં ફેર પડે તો પૈસા ભરી ટ્રીટમેન્ટ કરાવો
નસો સુકાઈ જવાથી કાનની તમામ પ્રકારની બહેરાશ મટાડો
અકસ્માત/ઓપરેશનમાં બગડેલા કાનની બહેરાશના રીઝલ્ટ પણ અહીં સુધારી આપવામાં આવે છે.
બહેરા-મૂંગા માટે પણ આ ટ્રીટમેન્ટ વરદાનરૂપ અસરકારક થઈ રહી છે.
સંપર્ક :
Praveen Surana
(ડેફ ક્યોર સેન્ટર)
Deaf Cure Center
Patent Reg.3506/MUM/2013
M.: 07819855590 /7698111132/39
Ph.: 079-26306371
HELPLINE : 18602331060
સાજા થયેલા પેશન્ટના આશીર્વાદના Audio-Video રૂબરૂમાં જોવા મળશે અથવા You Tube અને Google/Yahoo માં Deaf Cure Center થી સર્ચ કરો. જાનો દુનિયા/લક્ષ્ય ટીવી જુઓ. વધુ જાણકારી માટે જુઓ deafcurecenter.wordpress.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com